Annex 9

## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : ચાલતા નં.40 શીટ નં.2 સી સ નં.206,

Search in : તરસાલી /Tarsali

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૧૯૦૧૫૦૧૯૭૪૦ | અરજી નંબર | ૧૩૭૮૦ | અરજી વર્ષ | ૨૦૧૯ |
| તારીખ | ૨૧ | માહે | ડિસેમ્બર | સને | ૨૦૧૯ |

રજુ કરનારનું નામ બંકીમ પંચોલી

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........ | |
| શેરોની નકલ કરવા માટે ફી........ | |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી............Year: 2009 2019 | ૧૨૦.૦૦ |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |

THE SEAL OF THE SUB REGISTRAR BARODA-2 ★ DANTESHWAR ★ વડોદરા સબ-રજીસ્ટ્રાર નં-૨ (ડિસ્ટ્રી) સત્યમેવ જયતે દંતેશ્વર

| કુલ એકંદરે રૂ. | ૧૨૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એક સો વીસ પુરા

દસ્તાવેજ ---------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ---------------- આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

R S LAL
સબ રજીસ્ટ્રાર
Danteswar

**BANKIM S. PANCHOLI**
**ADVOCATE (GUJARAT HIGH COURT)**
ENROLLMENT NO. G/1175/2002
Off:-Besides Ranchodji Mandir,Nr.Lakdipool, Dandian Bazar Main Road,Vadodara,Gujarat(M)09825684411

તા. ૦૮/૦૧/૨૦૨૦

# ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ

**રેફરન્સઃ મોજે ગામ તરસાલી, તા.વડોદરા મધ્ય ગામતળ, વડવાળા ફળીયામાં આવેલી સીટી સર્વેના સીટ નં.૨, ચાલતા નંબર-૪૦, સીટી સર્વે નં.૨૦૬ જેનુ કુલ ક્ષેત્રફળ ૯૮૮ ચો.મી. વાળી જમીન બાબત,**

હાલના માલીકનુ નામઃ **ચંપા પ્યુરીકેમ ઈન્ડસ્ટ્રીઝ, ૨૬૨-૨૬૩, જીઆઈડીસી, મકરપુરા, વડોદરાના માલીક શ્રી જીતેન્દ્ર હીરાલાલ ગાંધી**

**મિલ્કતનુ વર્ણનઃ-**

**રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા સબ ડીસ્ટ્રીક્ટ વડોદરાના મોજે ગામ તરસાલી વોર્ડ-૫ (તરસાલી ગામતળ) વડવાળા ફળીયામાં આવેલી સીટી સર્વેના સીટ નં.૨ ચાલતા નં.૪૦, સીટી સર્વે નં.૨૦૬ જેનુ માપ કુલ ક્ષેત્રફળ ૯૮૮ ચો.મી. વાળી જમીન આવેલી છે.**

(૧) ઉપરોક્ત સીટી સર્વે નં.૨૦૬ વાળી જમીનના માલીક ચંપા પ્યુરીકેમ ઈન્ડસ્ટ્રીઝ, ૨૬૨-૨૬૩, જીઆઈડીસી, મકરપુરા, વડોદરાના માલીક શ્રી જીતેન્દ્ર હીરાલાલ ગાંધીએ સદર જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનુ જણાવતા, સદર જમીન ખરીદવા અંગેની ટોકન પાવતી આપનાર શ્રી જતીનભાઈ શાંતીભાઈ પંચોલી ઉ.વ.આ.૬૨, ધંધો-વેપાર, રહે.૧૦૩, ગણેશ ફ્લેટ, અલકાપુરી, વડોદરા એ અમારી પાસે સદર જમીનના પ્રોપર્ટી કાર્ડ, રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ, હક માપણીનું ટીપ્પણ, ડીએસએલઆરની માપણી અંગેના નકશાઓ, સોગંદનામુ, ઈન્ડેમ્નીટી બોંડ વિગેરે અમોને રજુ કરતા, તે દસ્તાવેજો આધારે અમોએ નીચે મુજબની સદર જમીનની ચકાસણી કરેલ છે.

(૨) સદર જમીન મૂળ માલીક (૧) છીતુભાઈ ચતુરભાઈ પટેલ, (૨) બાબુભાઈ ચતરુભાઈ પટેલ બન્ને રહે. મુ.પો. વડસર, ઠે.વાસદીયા ફળીયા, તા.જી. વડોદરા (૩) રજનીકાંત ચતુરભાઈ પટેલ રહે. રહે. મુ.પો. વડસર, ઠે.બેંક ઓફ બરોડા પાછળ, વાસદીયા ફળીયા, તા.જી. વડોદરા અને (૪) રમેશભાઈ ચતુરભાઈ પટેલ રહે. મુ.પો. વડસર, ઠે.ઘાંચીવાડા ફળીયા પાછળ ખેતરમાં, વાસદીયા ફળીયા, તા.જી.

વડોદરા ના નામે ચાલતી હતી. સદર જમીન છીતુભાઇ ચતુરભાઇ પટેલ વિગેરેનાઓએ તા.૧૦/૦૬/૧૯૯૬ ના રોજ ૧૫૩.૬૯ ચો.મી. વાળી જગ્યા રૂા.૨૯,૦૦૦/- અંકે રુપીયા ઓગણત્રીસ હજાર પુરામાં ચંપા પ્યુરીકેમ ઇન્ડસ્ટ્રીઝ, ૨૬૨-૨૬૩, જીઆઇડીસી, મકરપુરા, વડોદરાના માલીક શ્રી જીતેન્દ્ર હીરાલાલ ગાંધીને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૨૭૬૫ થી વેચાણ કરેલ. જે અંગેની નોંધ સીટી સર્વે ૨૦૬ ના પ્રોપર્ટી કાર્ડમાં એન્ટ્રી નં.૩૪ તા.૧૮/૦૮/૧૯૯૬ ના રોજ કાચી એન્ટ્રી પાડવામાં આવેલ. જે એન્ટ્રી તા.૧૨/૦૯/૧૯૯૬ ના રોજ સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ નં.૪ વડોદરાના એ પ્રમાણીત કરેલ.

(૩) તા.૧૦/૦૬/૧૯૯૬ ના રોજ સી.સ. નં.૨૦૯,૨૧૦,૨૧૧ તથા ૨૧૯ જે કુલ માપ ૪૦૬.૯૬ વાળી જમીન ના માલીક કુલીનચંદ્ર મંગળદાસ પટેલ નાએ રૂ.૭૮,૦૦૦/- માં ચંપા પ્યુરીકેમ ઇન્ડસ્ટ્રીઝ ના માલીક જીતેનદ્ર હીરાલલા ગાંધી ને રજી.વેચાણ દસ્તાવેજ નં.૨૭૬૬ થી વેચાણ કરેલ,તેમજ તા.૧૦/૧૯૯૬ ના રોજ ૨૨૦ જેનુ માપ ૪૨૭.૩૫ ચો.મી. વાળી જગ્યા ના માલીક કુલીનચંદ્ર મંગળદાસ પટેલ ના એ ચંપા પ્યુરીકેમ ઇન્ડસ્ટ્રીઝ ના માલીક ને રૂ.૮૨,૦૦૦/- માં સદર જમીન રજી.વેચાણ દસ્તાવેજ નં.૨૬૬૭ થી વેચાણ કરેલ છે.

(૪) તા.૧૮/૦૯/૧૯૯૬ ના રોજ અરજદાર ની અરજીના આધારે તા.૨૫/૦૯/૧૯૯૬ ના રોજ થયેલ હુકમ આધારે સી.સ.નં.૨૦૬-૨૦૯-૨૧૦-૨૧૧-૨૧૯-૨૨૦ એકત્ર થવાથી ક્ષેત્રફળમાં સુધારો કર્યો આમ સદર જમીન નુ કુલ ક્ષેત્રફળ ૯૮૮ ચો.મી. થયેલ છે તથા સી.સ.નં.૨૦૯-૨૧૦-૨૧૧-૨૧૯ તથા ૨૨૦ ના પ્રોપર્ટી કાર્ડ કમી કર્યા અંગેની કાચી નોંધ નં.૬૨ તા.૨૫/૦૯/૧૯૯૬ ના રોજ પાડવામાં આવેલ જે નોંધ તા.૨૫/૦૯/૧૯૯૬ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

(૫) તા.૧૦/૦૬/૧૯૯૬ ના રોજ કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજ બાદથી તથા તા.૧૨/૦૯/૧૯૯૬ ના રોજ પ્રોપર્ટી કાર્ડમાં એન્ટ્રી નં.૩૪ પ્રમાણીત કર્યા બાદથી સદર જમીનના માલીક તરીકે ચંપા પ્યુરીકેમ ઇન્ડસ્ટ્રીઝ, ૨૬૨-૨૬૩, જીઆઇડીસી, મકરપુરા, વડોદરાના માલીક શ્રી જીતેન્દ્ર હીરાલાલ ગાંધીનુ નામ ચાલતુ આવેલુ છે અને જે આજે પણ પ્રોપર્ટી કાર્ડમાં ચાલી રહેલુ છે.

(૧) **દૈનિક સમાચાર પત્રમાં જાહેર નોટીસ**

| | | |
|---|---|---|
| ૧ | સમાચાર પત્રનુ નામ | **સંદેશ** |
| ૨ | છપામણી તારીખ | **૧૯-૧૨-૨૦૧૯** |
| ૩ | વાંધાઓ | **કોઇ વાંધા નહી** |

**(૨) સર્ચઃ-**

અમોએ સબ રજીસ્ટારશ્રી, તરસાલીમાં છેલ્લા સને -૨૦૦૯ થી ૨૦૧૯ સુધીના સર્ચની ફી રૂા.૧૨૦/- પાવતી નં.૨૦૧૯૦૧૫૦૧૯૭૪૦ તથા અરજી નં.૧૩૭૮૦/૧૯ થી તા.૨૧/૧૨/૨૦૧૯ ના રોજ ભરીને ૧૦ વર્ષનુ સર્ચ કરતા, મોજે ગામ તરસાલીના સીટી સર્વે નં.૨૦૬ વાળી જમીનમાં હાલના કામના માલીક ચંપા પ્યુરીકેમ ઇન્ડસ્ટ્રીઝ, ૨૬૨-૨૬૩, જીઆઇડીસી, મકરપુરા, વડોદરા ના માલીક શ્રી જીતેન્દ્ર

હીરાલાલ ગાંધીનુ નામ માલીક તરીકે મળી આવેલ. બોજા અંગેની કે અન્ય કોઇ પણ રીતે ટ્રાન્સફર, એસાઇન, કે અન્ય કોઇ પણ તકરારી એન્ટ્રી મળી આવેલ નથી. અમોએ સને-૨૦૦૯ થી ૨૦૧૯ ના ઈન્ડેક્ષ-૨ ના કેટલાક કાગળો તપાસતા, સદર ઈન્ડેક્ષ-૨ ના કેટલાક કાગળો ફાટેલા તથા કેટલાંક વાંચી ન શકાય તેવી હાલતમાં મળી આવેલ.

**(૩) ફાઈનલ રીપોર્ટ:-**

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા સબ ડીસ્ટ્રીક્ટ વડોદરાના મોજે ગામ તરસાલી વોર્ડ-પ (તરસાલી ગામતળ) વડવાળા ફળીયામાં આવેલી સીટી સર્વેના સીટ નં.૨ ચાલતા નં.૪૦, સીટી સર્વે નં.૨૦૬ જેનુ માપ કુલ ક્ષેત્રફળ ૯૮૮ ચો.મી. વાળી જમીન અંગે મારી સમક્ષ અરજદારે રજુ કરેલ તમામ દસ્તાવેજો જોતા અને સબ રજીસ્ટ્રારશ્રી, તરસાલી દ્વારા આપવામાં આવેલ ઈન્ડેક્ષ-૨ માં સર્ચ કરતા, સદર **રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા સબ ડીસ્ટ્રીક્ટ વડોદરાના મોજે ગામ તરસાલી વોર્ડ-પ (તરસાલી ગામતળ) વડવાળા ફળીયામાં આવેલી સીટી સર્વેના સીટ નં.૨ ચાલતા નં.૪૦, સીટી સર્વે નં.૨૦૬ જેનુ માપ કુલ ક્ષેત્રફળ ૯૮૮ ચો.મી. વાળી જમીન ના** ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ જણાઇ આવે છે.

**ખાસ નોંધ:-**

હાલના માલીક પાસેથી ઉપરોક્ત જમીનના તમામ અસલ દસ્તાવેજો મેળવી લેવા સાથે સાથે ચંપા પ્યુરીકેમ ઈન્ડસ્ટ્રીઝ ના માલીક શ્રી જીતેન્દ્ર હીરાલાલ ગાંધીએ કોઇ બેંક કે ફાઈનાન્સ કંપની પાસેથી ઉપરોક્ત જમીન અંગે કોઇ ધિરાણ કે લોન લીધેલ નથી કે સદર જમીન કોઇના ટાંચમાં, ગીરો, બક્ષીસ અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરેલ નથી તે સંબધનુ અલગથી સોંગદનામુ લેવુ. વધુમાં મોજે તરસાલી ના સીટી સર્વે નં.૨૦૬ વાળી જમીનની લેટેસ્ટ પ્રોપર્ટી કાર્ડની નકલ લેવી.

તા. ૦૮/૦૧/૨૦૨૦

સ્થળ: વડોદરા

( બંકીમ એસ.પંચોલી - એડવોકેટ)

ENROLLMENT NO. G/1175/2002